ગાંધીનગર સમાચાર

સે-૨૭માં ભર ઉનાળે ગટરો ઉભરાય છે..!!

# વોર્ડ નં. ૪માં ભાજપ-કોંગ્રેસ લગોલગ

## બહુજ્ઞાતિય અને પર પ્રાંતિય મતદારોના વોર્ડમાં જ્ઞાતિ સમીકરણો નબળા પડશે










### કોંગ્રેસ અને ભાજપની પેનલો આક્રમકતાથી પ્રચાર ઝુંબેશ ચલાવતા હોવાથી જંગ રસપ્રદ બનતો જાય છે : રાત્રિ બેઠકોનો માહોલ જામતો જાય છે

**મહાનગરનો મહાસંગ્રામ**

**- સંજય દૃષ્ટિ**

ગાંધીનગર, તા.૧૯

વોર્ડ નં. ૪ એટલે સેકટર-૨, ૩, ૨૪ અને ૨૫. ૧૫,૮૪૬ મતદારો ધરાવતા વોર્ડ નં. ૪માં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા અને આસપાસના પ્રાંતોના નાગરિકો અહીં વસે છે. એક અર્થમાં મીની ઈન્ડિયાનું દૃશ્ય વોર્ડ નં. ૪માં જોવા મળે છે. આ વોર્ડની ચાર બેઠક માટે ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના એક સીટીંગ કોર્પોરેટર પ્રવિણાબેન દરજી સિવાય ૧૧ નવા ચહેરાઓએ જંગમાં ઝુકાવ્યું છે. ભાજપ-કોંગ્રેસના ચાર-ચાર અને લોક વિકાસ મંચના ત્રણ તથા બસપાના એક એમ ૧૨ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

ભાજપની પેનલમાં સેકટર-૨૪ના જાણીતા વેપારી અને ભાજપના સંનિષ્ઠ કાર્યકર સુભાષભાઈ પટેલ અનેક સામાજિક પ્રવૃત્તિઓના માધ્યમથી મોટો શુભેચ્છક વર્ગ ઉભો કરી શકયા છે. સેકટરની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ સુભાષભાઈનું પ્રદાન હંમેશા સકારાત્મક રહ્યું છે. અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકના ભાજપના ઉમેદવાર ધીરુભાઈ ડોડીયા પક્ષના સંનિષ્ઠ કાર્યકર છે. દલિત સમાજ અને પક્ષના શુભેચ્છકોના વિશાળ સમુદાયો સંપર્ક ધરાવે છે. મહિલા બેઠકો માટે સીટીંગ કોર્પોરેટર પ્રવિણાબેન દરજી શહેર ભાજપના અગ્રિમ હરોળના કાર્યકર છે. છેલ્લા પાંચ વર્ષમાં વોર્ડના પ્રતિનિધિત્વથી મતદારોમાં તેમના માટે ઉત્સાહ છે અને બીજા મહિલા ઉમેદવાર નીલાબેન મુકેશકુમાર શુકલ દૂધ મંડળીના ડિરેકટર અને બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખ શ્રી પંકજભાઈ શુકલના લઘુબંધુના ધર્મપત્નિ હોવાથી વોર્ડના અસંખ્ય પરીવારો સાથે સંપર્ક ધરાવે છે. ઉત્સાહી મહિલા કાર્યકર નીલાબેન અસરકારક વ્યવસ્થાપક પણ છે. આમ ભાજપની સમગ્ર પેનલ વોર્ડમાં ડોર ટુ ડોર અભિયાન સંપન્ન કરી ચુકી છે. પ્રોત્સાહક પ્રતિસાદના દાવા સાથે પેનલ પ્રચાર ઝુંબેશને પરાકાષ્ટાએ લઈ જઈ રહી છે.

કોંગ્રેસની પેનલનું નેતૃત્વ અંકિત બારોટ કરી રહ્યા છે. અંકિત બારોટ એનએસયુઆઈ, યુવા કોંગ્રેસના સંગઠન માળખામાં રહી યુવાનોનું મોટુ જુથ ઉભું કરી શકયા છે અને બહોળા મિત્ર મંડળના માધ્યમથી વોર્ડના મતદારોનો સીધો સંપર્ક કેળવ્યો છે. સેકટરની સામાજિક અને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓમાં પણ નોંધપાત્ર પ્રદાન હોવાથી યુવા કાર્યકર તરીકે મતદારોમાં સુપરિચિત છે. મયુરભાઈ જીતેન્દ્રભાઈ મહેતા અનુસુચિત જાતિની અનામત બેઠકના કોંગ્રેસી ઉમેદવાર પક્ષના સંનિષ્ઠ કાર્યકર છે. વેપાર-વ્યવસાય સાથે જોડાયેલા મયુરભાઈને વોર્ડના દલિત સમાજ અને અન્ય સમાજના મતદારો સાથે નોંધપાત્ર સંપર્કો છે. મહિલા બેઠક પર ગાંધીનગર દૂધ મંડળીના મેનેજીંગ ડીરેકટર અને





બ્રહ્મ સમાજના અગ્રણી શ્રી રાજેશભાઈ પંચોલીના ધર્મપત્નિ રાજેશ્રી પંચોલી લડે છે. રાજુભાઈના સે-૨૪ અને સે-૨૫માં વર્ષોથી પારિવારિક સંપર્કો હોવાથી રાજેશ્રીબેન વોર્ડના મતદારો સાથેનો સંપર્ક સ્થાપિત કરી શકયા છે. સેકટરની સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપતા રાજેશ્રીબેન અસરકારક વ્યવસ્થાપન શકિત પણ ધરાવે છે. કોંગ્રેસની પેનલના બીજા મહિલા ઉમેદવાર ગૌરીબેન ભગવાનસિંહ વાઘેલા પક્ષના સંનિષ્ઠ મહિલા કાર્યકર છે. બાપુ નોલેજ વીલેજ સાથે જોડાયેલા ભગવાનસિંહ વાઘેલાના પત્નિ હોવાથી સામાજિક સંબંધોમાં અગ્રેસર છે. આમ કોંગ્રેસની પેનલે પણ ડોર ટુ ડોર અભિયાન લગભગ પૂર્ણ કરી દીધું છે. અપેક્ષા કરતાં પણ અનોખા પ્રતિસાદના દાવા સાથે પેનલ અસરકારકતા સાથે પ્રચાર અભિયાન ચલાવી રહી છે.

લોક વિકાસ મંચના ત્રણ ઉમેદવારોનું નેતૃત્વ કરતા મનુપ્રસાદ નટવરલાલ મહેતા સચિવાલય સ્ટાફ એસોસીએશનના પ્રમુખ તરીકે સેવા આપી ચુકયા છે. વીસનગરા નાગર પરિવાર, બ્રહ્મ સમાજ જેવા સામાજિક સંગઠનોના નેતૃત્વના માધ્યમથી વિશાળ ચાહક વર્ગ ઉભો કરનાર મનુભાઈ મહેતા વોર્ડમાં અસરકારક સંપર્ક ધરાવે છે. આ ઉપરાંત લોક વિકાસ મંચના ડૉ. અમૃતભાઈ સવાભાઈ સોલંકી અને રમીલાબેન રાજેન્દ્રભાઈ સુથાર પણ પ્રચાર અભિયાનમાં સતત જોડાયેલા રહ્યા છે. બહુજન સમાજ પાર્ટીના ડાહ્યાભાઈ શનાભાઈ વાઘેલા પણ ઘેર ઘેર ફરી પોતાના પક્ષનો સંદેશ આપી રહ્યા છે.

આ વોર્ડમાં ગઈ ચુંટણીમાં ભાજપનો ત્રણેય બેઠકો પર વિજય થયો હતો. ત્રણ સીટીંગ કોર્પોરેટરો માંથી પ્રવિણાબેન દરજી પુનઃ મેદાનમાં છે. સંદિપભાઈ જયોતિકર સ્વેચ્છાએ ચુંટણીમાંથી ખસી ગયા છે જયારે સુરેશચંદ્ર મહેતાને છેલ્લી ઘડીએ પક્ષે ટીકીટ આપી નથી. અહી કોંગ્રેસ, ભાજપ અને લોક વિકાસ મંચ વચ્ચે ત્રિ પાંખિયો જંગ છે. લોક વિકાસ મંચ સારા એવા મત મેળવશે પણ કોના ખાતામાંથી મેળવશે એ હજુ સ્પષ્ટ થતું નથી. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કશ્મેકશ જંગ છે. પ્રચાર ઝુંબેશ અને વ્યુહરચનાના મામલે બંને પક્ષો લગભગ લગોલગ ચાલે છે અહીંની હાર જીતના સમીકરણ લોક વિકાસ મંચના મત પર આધારિત છે. સેકટર-૨૪ના ચુંટણી મોરચા અંગે આગાહી કરવી અટપટી છે. પરંતુ બંને પક્ષો મજબુતાઈથી મહાસંગ્રામ ખેલે છે.

## @ગાંધીનગર

● જૈન દેરાસર દ્વારા સવારે ૮.૦૦ કલાકે મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉજવણી નિમિત્તે સેકટર-૨૨ જૈન દેરાસર ખાતેથી રથયાત્રા પ્રસ્થાન કરશે. ત્યારબાદ ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે આચાર્ય વિજય કલ્યાણ બોધિસૂરિની નિશ્રામાં 'ચમત્કારોની દિલધડક દાસ્તાન' પુસ્તકનું વિમોચન કરાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા સાંજે ૬.૦૦ કલાકે સેકટર-૨૯ જલારામ મંદિર ખાતે બેઠક યોજાશે.

## નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીની સ્પષ્ટતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડીના પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ એ સ્પષ્ટતા સાથે જણાવેલ છે કે શ્રી કિશોરભાઈ તામ્હણે સેકટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળના સભ્ય નથી તેમજ મંડળની કોઈ પ્રવૃતિ સાથે જોડાયેલા નથી.

## લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા શ્રમજીવી બહેનોને સિલાઈ મશીનનું વિતરણ

ગાંધીનગર, તા.૧૯

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા રોજગારી અર્થે ગોકુલપુરા, આદિવાડા અને ફતેહપુરાની ૧૮ બહેનોને સિલાઈ મશીન આપવામાં આવેલ છે.

પ્રમુખ વૈશાલીબેન જોષીની આગેવાની હેઠલ લાયોનેસ કલબ ગાંધીનગર દ્વરા સેવા યજ્ઞનું આયોજન કરેલ



હતું. જેના ભાગરૂપે કલબના સભ્યો લાયોનેસ કીન્નાબેન જાની દ્વારા ગોકુલપુરા, આદિવાડા અને ફતેહપુરાની શ્રમજીવી બહેનોને વિના મૂલ્યે સિલાઈની તાલીમ આપવામાં આવેલ હતી. બહેનોને રોજગારી મળી રહે તે માટે પ્રમુખશ્રી વૈશાલીબેન જોષીને આ મશીન આપવાની પ્રેરણા મળેલ હતી.૧૮ જેટલી બહેનોને આ મશીન ગોકલપુરા પ્રાથમિક શાળામાં પ્રોજેકટ ચેરમેન ભાવનાબેન પટેલ, સર્વ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ અને સેક્રેટરી દક્ષા જાદવ તથા કલબના અન્ય સભ્યોની હાજરીમાં આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં લાયોનેસ કીન્નાબેન જાની તથા સર્વે મેમ્બરોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો.

## સરકારી ચોખાના જથ્થાની હેરાફેરી વખતે કટ્ટાઓ ચોરવાનું કૌભાંડ

### ડ્રાઈવર અને સ્થાનિક શખ્સ કટ્ટા ઉતારતા હતા ને પોલીસે દરોડો પાડયો : ૫૪૦ કટ્ટા ભરેલી ટ્રક જપ્ત કરી બેની ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગરીબો માટે આવતા સરકારી અનાજના જથ્થાની હેરાફેરી દરમિયાન અધવચ્ચે ટ્રક ઉભી રાખી કટ્ટાઓની કટકી કરી લેવાતી હોવાનું ધ્યાને આવ્યું છે. ગઈ રાત્રે અડાલજથી ચરેડીના ગોડાઉનમાં ચોખાના કટ્ટાનો જથ્થો ટ્રકમાં ભરીને લઈ જવાઈ રહ્યો હતો ત્યારે અધવચ્ચે વાવોલ પુન્દ્રાસણ રોડ પર એક બોરકુવા પાસે ટ્રક લઈ જવાયો ને ટ્રકમાંથી ડ્રાઈવર અને સ્થાનિક શખ્સ બે મળીને ચોખાના કટ્ટા ઉતારી રહ્યા હતા. તે જ સમયે પોલીસે દરોડો પાડીને બંને શખ્સોની ધરપકડ કરી લઈ ૫૪૦ કટ્ટા ભરેલી ટ્રક જપ્ત કરી સઘન પુછપરછ શરુ કરી છે. ગરીબોના અનાજની ચોરીનું મોટું કૌભાંડ ખુલે તેવી શકયતાના આધારે સે-૭ પોલીસે વધુ પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સાબરમતી અમદાવાદ વિસ્તારનો ડ્રાઈવર સુરેશ ધુળાજી ઠાકોર ગઈ કાલે ટ્રક નં જીજે ૧ ડી.ટી. ૮૬૫૬માં અડાલજના ગોડાઉનમાંથી સરકારી ચોખાનો જથ્થો ભરીને ચરેડી છાપરા ખાતે સ્થિત સરકારી ગોડાઉનમાં લઈ જવા માટે નીકળ્યો હતો. રાત્રે આ ટ્રક તેણે વાવોલ વાળી લીધી અને વાવોલ-પુન્દ્રાસણ રોડ પર સ્થિત રાધેશ્યામ ફાર્મ પાસે આવેલા સરકારી મંડળીના બોર કુવા પાસે ટ્રક ઉભી કરી દીધી હતી. વાવોલના વિક્રમસિંહ શિવાજી ગોલ અને ડ્રાઈવર સુરેશ ઠાકોર બંનેએ ટ્રકમાંથી સરકારી ચોખાની બોરીઓ ઉતારવાનું શરૂ કરી દીધું હતું. ગરીબોના ચોખા ચોરી થયા હોવાની જાણ સે-૬ પોલીસને થતા રાત્રે દરોડો પાડીને બંને શખ્સોને પકડી પાડયા હતા. ચોખાના બે કટ્ટા તેમણે ચોરી કર્યા ત્યાં પોલીસે દરોડો પાડયો હતો. બંનેની ધરપકડ કરીને ૫૪૦ કટ્ટા ચોખા ભરેલી ટ્રક જપ્ત કરી બંનેની ઉંડી પુછપરછ આરંભી મોટા કૌભાંડની શકયતાને આધારે તપાસ તેજ બનાવી છે.

## વાતવાતમાં

● સે-૨૧ના સચિવાલય જીમખાનામાં ઉનાળાના કારણે સ્વીમીંગ શીખવા આવનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સ્વીમીંગ શીખવા આવેલ ભારે શરીર ધરાવતા એક ભાઈ ભૂલથી ઉંડાણ તરફ જતા રહેતા થોડીવાર માટે હાંફળા ફાંફળા થઈ ગભરાઈ ગયા હતા પરંતુ તુરંત અન્ય સ્વીમરે ખેંચી પરત લાવતા રાહત અનુભવી હતી.

● સિવિલ હોસ્પિટલમાં એક બાવાજી અર્ધબેભાન હાલતમાં સારવાર માટે લવાયા હતા. હવે આ બાવાજી સંપૂર્ણ સાજા થઈ ગયા છે પરંતુ હોસ્પિટલનું વાતાવરણ બાવાજીને એટલું અનુકુળ આવી ગયું છે કે તેઓ પરત જવાનું નામ લેતા નથી તેથી સિવિલનું તંત્ર મુંઝવણમાં મુકાયું છે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ તો ભારે ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગઈ અને આ પ્રસંગે અનેક પ્રેરણાદાયી વાતો પણ જાણવા મળી. જો કે તે દિવસથી લઈને આજ દિન સુધી વિધાનસભા સામેની ડૉ. આંબેડકરની પ્રતિમાએ યોજાયેલા કાર્યક્રમનો કચરો જેમ કે ફુલહાર, છાશના ગ્લાસ વગેરે હજુ ત્યાં યથાવત પડયા છે.

● ચુંટણીના કાર્યાલયો પર ચા-નાસ્તા સાથે આઈપીએલની મેચો લાઈવ દેખાડાતી હોઈ બાળકો તથા ક્રિકેટ રસિયા નગરજનોની હાજરી વધુ જોવા મળે છે. જેવી મેચ પતે કે તુરંત જ થોડીક મિનિટોમાં તંબુ ખાલીખમ થઈ જાય છે અને માત્ર પક્ષના કાર્યકરો વધે છે.

## આજે વિસનગરા નાગર પરિવાર હાટકેશ પાટોત્સવ ઉજવશે

હાટકેશ્વર મહાદેવનો હાટકેશ પાટોત્સવ આજે વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ઉજવવામાં આવનાર છે. વહેલી સવારે મહામંત્રીશ્રી મહેશભાઈ રાવલના નિવાસસ્થાનેથી નાગર પરિવારોના ઘરે દાદાની પધરામણીનો કાર્યક્રમ યોજાશે.

બપોરે નર્મદેશ્વર મહાદેવમાં લઘુરૂદ્ર યોજાશે તથા સાંજે પાંચ વાગે હાટકેશ દાદાની શોભાયાત્રા સેકટર-૧૭-૨૨ પંચદેવ મંદિરથી નર્મદેશ્વર મહાદેવ સુધી યોજાશે. જેમાં પીતામ્બરધારી નાગરો દાદાની પાલખી ઉંચકશે અને મોટી સંખ્યામાં નાગર પરીવારો શોભાયાત્રામાં જોડાશે. શોભાયાત્રામાં નગરજનો તથા મહાનુભાવો દાદાની પાલખીનું સ્વાગત કરશે.

## ઉમા સમાજ ભવન ખાતે પર્સનાલીટી સેમિનારનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧૯

કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર તથા શીતલ એકેડેમી ગાંધીનગરના સહયોગથી ઉમા સમાજ ભવન ખાતે પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ માટે સેમિનારનું ઉદઘાટન કરવામાં આવેલ હતું. પ્રમુખશ્રી ભરતભાઈ દ્વારા સ્વાગત પ્રવચન તેમજ મહામંત્રીશ્રી દ્વારા સેમિનારની રૂપરેખા અને મહેમાનોનો પરિચય આપેલ હતો. પૂર્વ મંત્રીશ્રી અરવિંદભાઈ પટેલ, વિદ્યા શાસ્ત્રીશ્રી શૈલેષભાઈ પંડયા ડાયરેકટરશ્રી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ તથા સંયુકત સચિવશ્રી એ.ડી. પટેલ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ પૂર્વ પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓએ હાજરી આપી હતી.

ત્યારબાદ શીતલ એકેડેમી દ્વારા સેમિનાર બાબતે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. સેમિનારનું



સંચાલન શ્રી અનિલભાઈ પટેલે જયારે આભારવિધિ સમાજના સહમંત્રીશ્રી દિલીપભાઈ પટેલે કરી હતી જયારે સમસ્ત સેમિનારનું આયોજન શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી શિવાભાઈ પટેલ તથા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પોકન ઈંગ્લીશના કલાસીસની શરૂઆત તા. ૨૫-૪-૨૦૧૬ને સોમવારથી સાંજના ૬.૧૫ થી ૮.૧૫ સુધી સોમથી શનિ સુધી કરવામાં આવનાર છે. સમાજના ભાઈ બહેનોએ લાભ લેવા વિનંતી છે તેમજ રજીસ્ટ્રેશન માટે ચેરમેશ્રી શિવુભાઈ પટેલ મો. ૯૯૭૮૪ ૫૫૧૯૦૫ર સંપર્ક કરવા વિનંતી છે.

# સે-૨૭માં ભરઉનાળે ગટરો ઉભરાય છે...!!

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓનો માહોલ બરાબર જામ્યો છે. બીજી તરફ સેકટરોમાં વિવિધ સમસ્યાઓ સામે ઝઝુમતા રહેવાસીઓ ઉમેદવારો પાસે જવાબ માંગી રહ્યા છે. રાજકીય પક્ષો દ્વારા મોટા તોતિંગ ખર્ચાઓ કરી ચુંટણીમાં ઝાકમઝોળ તો ઉભી કરાય છે પરંતુ પ્રજાના રોજીંદા પ્રશ્નો પ્રત્યે તંત્રની ઉપેક્ષાથી ત્રસ્ત થઈ ચુકી છે. હાલ સેકટર-૨૭માં ભર ઉનાળે ગટર ઉભરાવાની જુની સમસ્યાએ ફરી એકવાર માથુ ઉંચકયું છે જેના કારણે રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

સેકટર-૨૭માં સ્વસ્તિક સોસાયટીમાં પ્લોટ નં. ૧૦૦૩ થી ૧૧૫૪ના દરેક મકાનની ગટર છેલ્લા કેટલાક સમયથી સતત રાત-દિવસ ઉભરાય છે. આ કારણે આ વિસ્તારમાં અનેક ઠેકાણે ગંદા પાણીના ખાબોચિયાં અને નાના તળાવો ભરાયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે આ સોસાયટીના રહીશોમાં રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થવા પામી

**પ્લોટ નં. ૧૦૦૩થી ૧૧૫૪ના મકાનોની ગટરો ઘણા સમયથી સતત ઉભરાય છે : સેકટરમાં ગદા પાણીના તળાવ ભરાવાથી રોગચાળાનો ભય : સ્વસ્તિક સોસાયટીના રહીશો ત્રાહિમામ**

છે. સેકટરના કેટલાક રહીશો તો તાવ અને ઝાડા ઉલ્ટીનો શિકાર બની ચૂકયા છે. ગંદકીયુકત પાણીના ભરાવાના કારણે રોગજન્ય જીવાણુઓ તથા માખી મચ્છરનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે તથા આ વિસ્તાર સતત દુર્ગંધયુકત આબોહવાથી ખદબદી રહ્યો છે.

સ્વસ્તિક સોસાયટીના હોદ્દેદારો દ્વારા આ પ્રશ્ન અંગે અવારનવાર સે-૨૪ની ઈન્કવાયરી ઓફિસમાં ફરિયાદ કરાઈ છે અને જયારે પણ ફરિયાદ કરવામાં આવે ત્યારે ઈન્કવાયરીના સફાઈ કર્મીઓ દ્વારા આવીને પાણીના પ્રેશરથી જે તે ગટરની સફાઈ કામ હાથ ધરાય છે. પાણીના પ્રેશરને કારણે ગંદકી આગળ ધકેલાઈ જાય છે અને જે તે મકાન પુરતો પ્રશ્ન હંગામી ધોરણે ઉકેલાય છે પરંતુ અન્યત્ર એ સમસ્યા ઉભી જ રહે છે. જો ગટરમાં ફસાયેલા કચરાને બહાર કાઢવામાં આવે તો જ સમસ્યા ઉકેલાય તેમ છે પરંતુ સફાઈ તંત્ર દ્વારા એ કાર્યવાહી કરાતી નથી. તંત્રના આ વલણને કારણે હાલ તો રહીશો ત્રાહિમામ થઈ રહ્યા છે અને શકય છે કે આ રોષનો ભોગ ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારોને બનવું પડે. સ્વસ્તિક સોસાયટીના રહીશોની માંગણી છે કે સત્વરે ગટર સફાઈનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલવામાં આવે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર સપનાબેન રમેશભાઈ, ઉ.વ.૩૫
- સ્વ. વાઘેલા રામબા રઘુનાથસિંહ, ઉ.વ.૮૧
- સ્વ. નાગર મેહુલ ગૌરીશંકર, ઉ.વ.૨૮
- સ્વ. દંતાણી સરોજબેન દલસુખભાઈ, ઉ.વ.૧૬